# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

India's National Spiritual Newspaper


₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXIV | FEBRUARY 2023 | NO: 12


**પવિત્ર બાઈબલ**



**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**નીતિવચનો ૩:૨૬-૩૫**

૨૬. કેમ કે યહોવા તારું રક્ષણ કરશે, અને તારા પગને સપડાઈ જતો બચાવશે.

૨૭. હિત કરવાની શક્તિ તારા હાથમાં હોય તો જેને માટે તે ઘટારત હોય તેનાથી તે પાછું ન રાખ.

૨૮. તારી પાસે હોય, તો તારા પડોશીને એમ ન કહે કે, જા, ને ફરી આવજે, અને હું તને કાલે આપીશ.

૨૯. તારા પડોશીનું ભૂંડું કરવાની પેરવી ન કર, કેમ કે તે તારી પડોશમાં નિર્ભય રહે છે.

૩૦. કોઈ માણસે તારું કંઈ નુકસાન કર્યું ન હોય, તો વિનાકારણ તેની સાથે તકરાર ન કર.

૩૧. તું જુલમી માણસની અદેખાઈ ન કર, અને તેનો એકે માર્ગ પસંદ ન કર.

૩૨. કેમ કે આડા માણસથી યહોવા કંટાળે છે, પણ પ્રામાણિક જનો તેનો મર્મ સમજે છે.

૩૩. યહોવાનો શાપ દુષ્ટના ઘર પર ઊતરે છે; પણ તે સદાચારીઓના રહેઠાણને આશીર્વાદ દે છે.

૩૪. નિશ્ચે તે તિરસ્કાર કરનારાનો તિરસ્કાર કરે છે; પણ તે નમ્ર જનોને કૃપા આપે છે.

૩૫. જ્ઞાનીઓ ગૌરવનો વારસો પામશે; પણ મૂર્ખોને ફજેતી જ મળશે.

# મોટો મર્મ! THE GREAT MYSTERY!

(મુખ્ય મંડળી પર પાળક એસ. સામ સેલ્વરાજનો સંદેશ)

***"આ મોટો મર્મ છે; પણ હું ખ્રિસ્ત તથા મંડળી સંબંધી કહું છું." (એફસીઓને પત્ર ૫:૩૨)***

આકાશની સત્તાને પૃથ્વી પર અધિકાર ચલાવવા માટેનો પાયો ઈશ્વરની મંડળી છે. મંડળી એ સંતોની સંગત છે. પ્રેરિતોના કૃત્યોના પ્રથમ દસ અધ્યાયો પ્રમાણે, આ લોકો જેઓ ઈસુ ખ્રિસ્ત સાથે હતા અને જેઓ તેમની સંગાથે રહેતા હતા અને જેમણે તેમનો પ્રેમ ચાખ્યો હતો, તેઓને "શિષ્યો" એ નામ આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં શિષ્યો "ખ્રિસ્તીઓ" કહેવાયા હતા. (પ્રેરિતોના કૃત્યો ૧૧:૨૬). બીજાઓને તેઓની સાથે મળી જવાની હિંમત થતી ન હતી. (પ્રેરિતોના કૃત્યો ૫:૧૩).

વિશ્વાસી ખ્રિસ્તીઓ જૂઠું બોલશે નહિ, તેમજ બીજાઓને છેતરશે નહિ અને કપટ કરશે નહિ. તેઓ પ્રભુના ભયમાં ચાલશે. જો કોઈ લોકો તમારો વિશ્વાસઘાત કરે તો, તેનો અર્થ એ છે કે તેઓ ઈશ્વરના બાળકો નથી તમે ઈશ્વરના બાળકો સાથે ખુલ્લા મનથી વાત કરી શકો છો. જેઓ ઈસુ ખ્રિસ્તના નમૂનાને અનુસરે છે અને જેઓ તેમના પગલામાં ચાલે છે, તેઓ ઈશ્વરના બાળકો છે. જેઓ ઈસુ ખ્રિસ્તને અનુસરે છે, તેઓ સર્વ પરિસ્થિતિઓમાં ઈસુ ખ્રિસ્તને તેમનામાં પ્રતિબિંબિત કરે છે. જ્યારે તેઓ પરિસ્થિતિઓથી અસર પામશે




ઈકો ઓફ હીઝ કોલ

**યૂટ્યૂબ ખ્રિસ્તી ચેનલ !**

**તમને પાળક સામ સેલ્વરાજ સાથે પ્રાર્થનામાં જોડાવાની તક મળશે!**

**૫ મિનિટનો સંદેશો!!** તામિલ તથા તેલગુ

અંગ્રેજી તથા હિન્દી

દરરોજ-સવારે ૫.૦૦ વાગે

સોમવારથી શનિવાર સુધી-સવારે ૫.૦૦ વાગે

તામિલ રવિવારની ભજનસેવા-સવારે ૮.૦૦ વાગે

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*





**"જુઓ, તારી આગળ મેં બારણું ઉઘાડું મૂક્યુ છે, તેને કોઈ બંધ કરી શકે તેમ નથી."**
**–પ્રકટીકરણ ૩:૮**

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

અમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં આપ સહુને સલામ પાઠવીએ છીએ.

અમારા **ઈકો ઓફ હીજ કોલ** સામયિક મારફત અમારા યૂટ્યૂબ ચેનલ મારફતના સંદેશાઓ પ્રસારિત કરવાના અમારા પ્રયત્નોને કારણે અમે ઈશ્વરનો આશીર્વાદ પ્રાપ્ત કર્યો છે, જેને માટે અમે ઈશ્વરના આભારી છીએ. હું વહાલા ઈશ્વરના બાળકો, પાળક એલેક્ષ સેમસન સામ, પાળક ચિન્નિયાહ, ભાઈઓ અને બહેનો ધાનામ ચિન્નિયાહ, મેરી માગદાલેણ, એન. પ્રકાશમ, ક્રિસ્ટીના જેબા કુમારી ચિન્નિયાહ, બી. સરન, પાળક વિદ્યાધર, અબ્રાહમ, સલોમી અબ્રાહમ ગીથા ગુરુસામી, ડેઅઝી રાની, સોલોમન રોર્બટ, જોશુઆ રોર્બટ, એડમોન્ડ થોમસ વગેરેને માટે ઈશ્વરની સ્તુતિ કરું છું, જેઓએ મારી સાથે યૂટ્યૂબ ચેનલની મિનિસ્ટ્રીમાં કામ કર્યુ છે.

અમે ઓછામાં ઓછા કેટલાક લોકોને પાપના ભયંકર સ્વભાવથી અને શાપના ચૂંગલમાંથી છોડાવવાનો પ્રયાસ કરીએ છીએ. સેવાનો માર્ગ ઘણો મુશ્કેલ છે. અમને તમારી પ્રાર્થનાની સહાયતાની ઘણી જરૂર છે. અમને અવરોધવા અમારી ક્ષમતાની ઉપર જઈને શેતાન અમારી વિરુધ્ધ સખત કામ કરી રહ્યો છે. તે તો ફક્ત આપણા વહાલા પ્રભુ ઈશ્વર છે, જેઓ અમને આવરી લે છે અને અમારું રક્ષણ કરે છે.

અમે તમારી પણ મુશ્કેલીઓ અને સમસ્યાઓને સમજીએ છીએ અને તમારા માટે પ્રાર્થના કરીએ છીએ.

ઈશ્વર ઈચ્છા હશે તો, અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**નો પદવીદાન સમારંભ જૂન ૨૦૨૩માં રાખવામાં આવશે. અમને આવનાર ૨૦૨૩-૨૪ માટે એવા વિદ્યાર્થીઓની જરૂર છે, જેઓને ઈશ્વરની સેવા માટે તેડવામાં આવ્યા છે. આના માટે કૃપા કરીને પ્રાર્થના કરશો. મહેરબાની કરીને આવા વિદ્યાર્થીઓનો અમને પરીચય આપશો. કોઈપણ જાતના ભૌતિક લાભોના ધ્યેય વગર, સુવાર્તાના પ્રચાર માટે અમે સખત મહેનત કરીએ છીએ. કૃપા કરીને બોજ સાથે, અમારા તામિલ અને હિન્દી બાઈબલ કોલેજો માટે અને અમારી સર્વ બહુવિધ મિનિસ્ટ્રીજ માટે પ્રાર્થના કરશો.

અમે તમારા માટે પ્રાર્થના કરીએ છીએ. ઈશ્વરની કૃપા તમારી સાથે રહો. આમીન.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**
(+91) 98412 71858 / 98410 71858,
E.mail : samselvaraj333@gmail.com

અથવા તેમના પોતાના લાભ માટે ઈશ્વરની સેવાનો ગેરવાપર કરશે, ત્યારે તેઓ ઈસુ ખ્રિસ્તનો નકાર નહિ કરે.

આ દુનિયાના સૌથી મોટા મર્મોમાંનું એક છે ઈશ્વરની મંડળી વચ્ચેનો સંબંધ, તે ઈશ્વર અને ઈશ્વરના બાળકોની સંગત છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ મર્મ આકાશમાંથી તેમના વિશ્વાસી લોકોને મંડળી મારફત વહેંચી રહ્યા છે. જેઓ ઈશ્વરથી જન્મ પામેલા છે, તેઓ ઈશ્વરના બાળકો છે. લોકો કદાચ ગરીબ કે ધનવાન પરસ્થિતિઓમાંથી હોય અથવા એ લોકો જેઓ આંસુઓની ખીણમાંથી પસાર થઈ રહ્યા હોય. તે શક્ય છે કે તેઓ એ લોકો હોઈ શકે, જેમણે તેમના જીવનોમાં



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

**CHIEF EDITOR**
**Angeline Selvakumari Henry,** M.A., M.Ed.

**MANAGING EDITOR**
**Pastor Alex Samson Sam,** B.Th., M.Div.

**ADMINISTRATION**
**Bro. N. Prakasam,** M.A., General Manager

**EDITORIAL BOARD**
**Sis. Jesy Veena Sam**
**Sis. Serena Bevin,** M.A., M.Phil., B.Ed.
**Dr. A. Richard Samuel,** M.A., Ph.D.
**Rev. Dr. K.R. Rajasekaran**

**EDITOR, PUBLISHER & PRINTER**
**Pastor S. SAM SELVA RAJ**
**Echo of His Call Printers**
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**CORE LEADERS**
**Bro. K. Puratchivendan**
**Bro. A. Edward Durai**
**Bro. A. Alvin**
**Bro. K. Abraham**
**Sis. Dhanalakshmi Chinnaiah**

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call

આશા ગુમાવી દીધી હોય કે બીજાઓથી તરછોડાયેલા હોય કે જેઓ કોઈ કામના ન હોય. પણ જેઓ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ રાખે છે, તેઓ ઈસુ ખ્રિસ્તમાં જન્મ્યાં છે. (યોહાન ૧:૧૩).

કોઈ માણસે આ જગતમાં વિજયવંત જીવન જીવવા માટે જે બધા સત્યોની જરૂર હોય છે, તે સર્વ મંડળી તથા ઈસુ ખ્રિસ્તના ગુપ્ત સંબંધમાં છૂપાયેલા છે. પણ આને અવગણીને, માણસો બીજા માર્ગો શોધવાનો પ્રયત્ન કરે છે, જે તેમના જીવનોમાં આગળ વધવામાં આનંદ અને શાંતિ આપે. જો કે ઘણા બધા મર્મો બાઈબલમાં જોવા મળે છે, જ્યારે આપણે ઈસુ ખ્રિસ્ત તથા મંડળી વચ્ચેના સંબંધના મર્મોનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે આપણા જીવનોમાં બદલાવ આવે છે અને આપણને ઊભા કરવામાં આવે છે.

જગતના તારનાર ઈસુ ખ્રિસ્ત વિશે તથા તેમની મંડળી વિશેની હકિકત સમય કે સંસ્કૃતિઓ કે પરિસ્થિતિઓ કે નવી તકનીકીથી બદલાવી શકાતી નથી. કેટલાક લોકો વિચારે છે કે ખ્રિસ્તી ધર્મ અનિચ્છનીય છે કે ખોટી માહિતીને લીધે અથવા ઈસુ ખ્રિસ્ત વિશે સ્પષ્ટ જાણકારી ન હોવાને કારણે ખ્રિસ્તી ધર્મ સ્વીકારવો નહિ. પણ આ મંતવ્ય પૂર્ણપણે ખોટું છે. ત્યાં કોઈ એવું છે કે જેને ઈસુ ખ્રિસ્તને વિશ્વાસપૂર્વક અનુસરવાથી તજી દેવામાં આવ્યો છે? શું કોઈ ગરીબ બન્યું છે? શું કોઈએ કોઈક અન્ય રીતે કોઈને તકલીફ આપી છે? આ પ્રશ્નો માટે કોઈપણ ક્યારેય ''હા'' ન કહી શકે. ''હું જુવાન હતો, અને હવે હું ઘરડો થયો છું; પણ ન્યાયીને તજેલો કે તેનાં સંતાનને ભીખ માગતાં મેં જોયાં નથી.'' (ગીતશાસ્ત્ર ૩૭:૨૫). જે કોઈ ઈસુને અનુસર્યા હશે, ક્યારેય એવાઓને ખોરાક માટે ભટકતા જોવામાં આવ્યા નથી.

ઈસુ ખ્રિસ્તના જન્મની તથા નવા વર્ષની ઉજવણી ફક્ત ખ્રિસ્તીઓ જ કરતા નથી પણ દરેક દેશોના લોકો અને સર્વ ધર્મના લોકો પણ કરે છે. જાન્યુઆરી મહિનાના પ્રથમ દિવસે, ખાસ ઉજવણી અને ભક્તિસેવા મંદિરોમાં અને સર્વ ધર્મોના સ્થળોએ કરવામાં આવે છે, કેમ? સત્ય હમેશા સત્ય હોય છે. કોઈ તેને નકારી શકતો નથી કે લાંબા સમય સુધી તે સત્યને છૂપાવી શકતો નથી. તે તો ઈસુ ખ્રિસ્તનો જન્મ હતો, જેને લીધે જગતનો ઈતિહાસ ઈ.સ. પૂર્વે અને ઈ.સ. વચ્ચે વિભાજીત થયો હતો. કેમ કે જગત ભટકી ગયું હતુ, જે ઈશ્વર પ્રભુએ આ પૃથ્વીની ઉત્પતિ કરી હતી, તેમણે ઈસુ ખ્રિસ્ત તરીકે માનવદેહ ધારણ ર્ક્યો અને તેમના જન્મ, મરણ તથા પુનરુત્થાન દ્વારા આપણા માટેના તેમના મહાન પ્રેમને જાહેર ર્ક્યો હતો. (રોમનોને પત્ર ૫:૮). જ્યારે સર્વ કબરો, જ્યાં મૃત્યુ પામેલા લોકોને દાટવામાં આવે છે, તે બંધ રહી હતી, ફક્ત ઈસુ ખ્રિસ્તની કબર ઉઘડી ગઈ હતી, કેમ? તેઓ પ્રભુ અને તારણહાર છે, જેમણે મરણ પર વિજય મેળવ્યો હતો અને મૃત્યુમાંથી જીવતા ઊઠ્યા હતા! કોઈપણ ઈસુ ખ્રિસ્તની મંડળીને ધિક્કારી શકે છે અને મંડળીની સતાવણી કરી શકે છે. પણ ઈશ્વરની મંડળી માણસોના નિયંત્રણ હેઠળ નથી. તે સીધા ઈશ્વરના નિયંત્રણ હેઠળ છે.

જગતની શરૂઆતથી, આ ઈશ્વરના બાળકોની સંગતે ભયંકર સતાવણીઓનો અને વિરોધનો સામનો ર્ક્યો હતો. જો કે કોઈપણ ઈશ્વરની મંડળીના વિસ્તરણને નિયંત્રિત કરી શકતી નથી. ઈતિહાસમાં, આપણે એ દેશો અને સત્તાઓ વિશે વાંચ્યું છે, જેમણે ઈશ્વરની મંડળીને નિયંત્રિત કરવાનો પ્રયત્ન ર્ક્યો હતો અને તેઓ ઓળખી ન શકાય એટલી હદે નાશ પામ્યા હતા. તેથી, આપણે વધુ ડહાપણ સાથે સુવાર્તાની જાહેરાત કરવી જોઈએ. જ્યારે જેઓ ઈશ્વરના મહિમાને જાણતા નથી, તેઓ ઈશ્વરનું જ્ઞાન મેળવશે ત્યારે તેમને શાંતિ મળશે. આજે પણ ઘણા બધા લોકો જગતના વિવિધ ભાગોમાં મંડળીમાં દાખલ થાય છે. અસંખ્ય મંડળીઓ પણ દરરોજ રોપાય છે.

## ૧. હું મારી મંડળી બાંધીશ!

જ્યારે ઈસુ કૈસરિયા ફિલિપ્પીની સીમમાં આવ્યા, ત્યારે તેમણે તેમના શિષ્યોને, પૂછ્યું હતું કે, ''માણસનો દીકરો કોણ છે, એ વિષે લોકો શું કહે છે?'' ત્યારે તેઓએ કહ્યું કે, ''કેટલાક કહે છે, યોહાન બાપ્તિસ્ત, ને કેટલાએક એલિયા ને કેટલાએક યર્મિયા, અથવા પ્રબોધકોમાંનો એક.''

તે તેઓને કહે છે, ''પણ હું કોણ છું, તે વિશે તમે શું કહો છો?'' ત્યારે સિમોન પિતરે ઉત્તર દીધો કે, તું મસીહ, જીવતા દેવનો દીકરો છે.'' અને ઈસુએ તેને ઉત્તર દીધો કે, ''સિમોન યૂનાપુત્ર, તને ધન્ય છે; કેમ કે માંસે તથા લોહીએ નહિ પણ મારા અકાશમાંના બાપે તને જણાવ્યું છે. અને હું પણ તને કહું છું કે તું પિતર છે, ને આ પથ્થર પર હું મારી મંડળી બાંધીશ, ને તેની વિરુદ્ધ હાદેસની સત્તાનું જોર નહિ ચાલે.'' (માથ્થી ૧૬:૧૭-૧૮)

અહિં આપણા પ્રભુ સિમોનને પૂછી રહ્યા છે કે અન્ય લોકો તેમને વિશે શું કહેતા હતા. ઈસુ ખ્રિસ્તને પણ આવી કલ્પના હતી કે લોકો તેમને વિશે શું કહેતા હતા. આ પરથી આપણે સમજવું જોઈએ કે દરેક આત્મિક આગેવાનોએ જાણવું જોઈએ કે બીજાઓ તેમને માટે શું બોલે છે. કોઈકે એમ ન કહેવું જોઈએ ''બીજાઓ મારે માટે શું કહે છે તેની હું પરવાહ નથી કરતો, હું મારા અંતરાત્મા પ્રમાણે કાર્ય કરું છું.'' જ્યારે ઈસુ ખ્રિસ્તે પિતરને બીજા લોકો તેમને માટે શું કહે છે, તે વિશે પૂછ્યું ત્યારે સિમોને ઉત્તર આપ્યો હતો, કે, ''તુ મસીહ, જીવતા દેવનો દીકરો છે.'' અહિં પિતર તેને જે સાક્ષાત્કાર થયો હતો, તે મૂજબ બોલતો હતો. ઈસુ ખ્રિસ્તે ક્હયું કે માંસે તથા લોહીએ તેને એ જણાવ્યું નહતું પણ આકાશમાંના બાપે. આજે લોકો ખ્રિસ્તીઓને મુર્ખ, અજ્ઞાન, ડહાપણ વગરના લોકો માને છે અને ખ્રિસ્તી ધર્મને ફેલાવે છે અને એવા માણસો તરીકે જુએ છે કે જેઓ બદલાયા છે. જો કોઈ માણસ ઈસુ ખ્રિસ્તને તેના તારણહાર તરીકે સ્વીકારે છે, તેનો અર્થ છે કે માંસ અને લોહીએ તેને આ જણાવ્યું નથી પણ આકાશમાંના બાપે.

આપણ સર્વએ, જેમણે ઈસુ ખ્રિસ્તને તારણહાર તરીકે સ્વીકાર્યા છે, તેઓ એ છે જેમણે પ્રભુ દ્વારા પ્રકટીકરણ મેળવ્યું છે. જેમણે તેમના જીવનોમાં પ્રકટીકરણો મેળવ્યા છે, તેઓ આકાશમાં પ્રભુના છે, તેમના ભૂતકાળના જીવનોને ધ્યાનમાં લીધા વિના. તમે એમ ન કહી શકો કે પ્રભુ

તમારી સાથે બોલ્યા નથી કે તમે પ્રભુનો અવાજ સાંભળ્યો નથી કે તમારો પ્રભુ સાથે કોઈ સંબંધ નથી. કેમ કે પ્રભુએ સિમોન પિતરને કહ્યુ હતુ કે ''માંસે તથા લોહીએ નહિ પણ મારા આકાશમાંના બાપે તને એ જણાવ્યું છે.'' તેથી, તમે તમારા તારણહાર તરીકે ઈસુ ખ્રિસ્તને સ્વીકાર્યા છે. ઈસુ ખ્રિસ્ત ખરા ઈશ્વર છે, દેવોના દેવ અને આ જગતમાં ઉચ્ચસ્થાને છે. આ દૈવી પ્રકટીકરણ છે. કોઈપણ દબાણ સાથે કે બીજાઓના પ્રયત્નોથી, પ્રભુનું પ્રકટીકરણ મેળવ્યા વગર ઈસુ ખ્રિસ્તને સ્વીકારી શકતા નથી. તેથી, જેમણે આકાશનું પ્રકટીકરણ મેળવ્યુ છે, તેમણે આ જગતથી અલગ અને જુદા પ્રકારનું જીવન જીવવું જોઈએ.

લોકો તેમના જીવનમાં જુદા જુદા માર્ગોએ વધવાનો પ્રયાસ કરે છે, પણ બાઈબલ ફક્ત ઈશ્વરના બાળકોને શીખવે છે, અથવા જેમણે તેમનું પ્રકટીકરણ મેળવ્યું છે કે તેઓ જીવનમાં ખીલશે, જો બાબતો તે પ્રમાણે કરવામાં આવે, જે તેમણે શીખવી છે, જે કદાચ વિચિત્ર હોય તેમ લાગે.

## ૨. મારી મંડળી !

આ દુનિયામાં કોઈપણ કાર્ય કરી શકાય છે, પણ મંડળી બાંધવાનું કાર્ય પ્રભુના હાથમાં છે. માથ્થી ૧૬:૧૮માં, ઈસુ ખ્રિસ્ત કહે છે, ''હું મારી મંડળી બાંધીશ.'' તેમણે એમ ન કહ્યું કે પિતર કે પાઉલ મંડળી બાંધશે. હાદેસની સત્તાનું જોર તેની આગળ નહિ ચાલે.

ઈશ્વરના બાળકોની સભા એ ઈશ્વરની મંડળી છે. તે ફક્ત એક ઈમારત નથી. જ્યારે હું કહું છું કે ત્યાં આ મંડળીમાં ભજનસેવા હશે, તે કોઈ ઈમારતનો સંદર્ભ આપતું નથી. તે ઈશ્વરના બાળાકે જે સ્થળે એકઠા થાય છે, તેને દર્શાવે છે. ઈશ્વર પોતે ઈશ્વરની મંડળી બાંધશે. આપણે સર્વ જણ, જેઓ સભાજનો તરીકે મંડળીમાં એકઠા થયા છે, તે ઈશ્વરની મંડળી છે.

પ્રભુ તમને, ઈશ્વરના લોકોને, બાંધશે. ઈશ્વરે વચનની ખાતરી આપી છે કે હાદેસની સત્તાનું જોર તમારા પર હાવી થઈ શકતું નથી. જ્યારે આપણે આનો સ્વીકાર કરીએ છીએ, ત્યારે આપણે આપણા જીવનમાં મંડળીને મહત્વ આપવું જોઈએ. પ્રભુ કહે છે કે તેઓ આપણને બાંધશે અને આપણને સમૃદ્ધ બનાવશે. હાદેસની સત્તાનું જોર આપણી આગળ ચાલશે નહિ. પ્રભુ આ ખાતરી તેમના હાથોમાં પકડી રાખે છે. પ્રભુ તમારી મુશ્કેલીઓ અને તમારી પીડાઓ તરફ જોશે અને તમને બાંધશે, જે તેમની મંડળી છે. શેતાન તરફથી માંદગીઓ, મુશ્કેલીઓ, દેવાં, ગરીબી, સમસ્યાઓ તમારી સામે આવશે નહિ, કેમ કે તમે તેમની મંડળી છો. માંસ કે લોહી તમને તે જણાવતુ નથી, કે તેઓ ઈશ્વર છે, પણ આકાશ તે પ્રગટ કરે છે. જે સઘળા ઈશ્વરની મંડળીઓમાં એકઠા થાય છે, તેમને ક્યારેય તજી દેવામાં આવશે નહિ.

ઈશ્વર તેમની સરખામણી એવા લોકો સાથે કરે છે, જેઆ તેમના ઘરો ખડક પર બાંધે છે. એક માણસે તેનું ઘર રેતી પર બાંધ્યું હતુ. ત્યાં તોફાન આવ્યું. ભારે વરસાદ પડ્યો હતો. જ્યારે પૂર આવશે ત્યારે તે ઘરનો નાશ થશે. પણ બીજા એક માણસે તેનું ઘર ખડક પર બાંધ્યું હતું. ત્યાં પણ પવન ફૂંકાયો હતો. ભારે વરસાદ પડ્યો હતો અને પૂર આવ્યું હતું. પણ તે ઘર મજબૂતીથી ઊભુ રહ્યું હતુ. મુશ્કેલીઓ કે પરાભવો જે કંઈ તેની સાથે થશે, તે મજબૂતીથી સ્થિર ઉભો રહેશે. તેઓ તમને બાંધશે કેમ કે તમે તેમની મંડળી છો. પ્રભુ કહે છે કે તેઓ તમારી સરખામણી જે માણસે તેનું ઘર ખડક પર બાધ્યું હતું, તેની સાથે કરશે.

જ્યારે આપણે ઈશ્વરની મંડળી હોઈએ ત્યારે જ આપણે વિજયી છીએ. તે જ કારણ છે. બાઈબલ એમ કહે છે કે આપણે આપણી પોતાની સંગત તજી દેવી ન જોઈએ. (હિબ્રૂઓને પત્ર ૧૦:૨૫). ઘણા માટે, ઈશ્વરની મંડળીમાં આવવું તે મૂશ્કેલ બાબત હોય છે. મંડળી દૂર છે, તેઓ થાકી ગયા છે, વાહનવ્યવહારની સગવડ નથી, વગેરે. તેથી આ લોકો ઈશ્વરની મંડળીમાં જવાનો, ભજન કરવાનો અને ઈશ્વરના આશીર્વાદો પ્રાપ્ત કરવાનો લાહવો ગુમાવે

(આગળ પાન ૬ પર...)


# नहेम्याह बाइबल कॉलेज
## रेसिडेन्शल कॉलेज, चेन्नई।

माध्यम: हिन्दी

*सदस्यता के लिए पंजीकृत उम्मीदवार* - ATA

सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 53 वर्षों से सेवारत वरिष्ठ पासवान

सर्टिफिकेट इन थियोलॉजी – 1 साल

डिप्लोमा ऑफ थियोलॉजी – 2 साल

योग्यता 10 वी या अधिक

जल्दी करें!

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

## સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૩ થી ૧૮ માર્ચ ૨૦૨૩ સુધી

(મહેરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ ફેબ્રુઆરી** : આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજને તથા કુટુંબને સર્વ દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખવા માટે.

**૨૦ ફેબ્રુઆરી** : જુવાનોને ઉત્સાહ સાથે અમારી ચર્ચની પ્રવૃતિઓમાં ભાગ લેવા આશીર્વાદિત કરવા માટે.

**૨૧ ફેબ્રુઆરી** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર તેમની દયા માટે.

**૨૨ ફેબ્રુઆરી** : અદ્ભૂત મીડીયા ટીમ માટે જે અમારી **ઈકો ઓફ હીજ કોલ**ના યૂટ્યૂબ ચેનલના અમારા અવિરત પ્રસારણમાં મદદ કરે છે.

**૨૩ ફેબ્રુઆરી** : અમારા યૂટ્યૂબ પ્રસારણ માટેના ખાસ કેમેરાના આશીર્વાદ માટે.

**૨૪ ફેબ્રુઆરી** : અમારા વડીલ પાળક તેમની બહુવિધ મિનિસ્ટ્રીજ દ્વારા સુવાર્તા પ્રચાર માટે સમર્પિત છે તે માટે.

**૨૫ ફેબ્રુઆરી** : અમારા **ઈકો ઓફ હીજ કોલ**ના કર્મચારી વર્ગ અને તેમના કુટુંબોના સારા સ્વાસ્થ્ય માટે અને દૈવી સુરક્ષા સાથેના આશીર્વાદ માટે.

**૨૬ ફેબ્રુઆરી** : અમારા ભાગીદારોના નૈતિક અને નાણાકીય સહાયતાના અમારા પરના આશીર્વાદો માટે.

**૨૭ ફેબ્રુઆરી** : અમારી **મીડીયા મિનિસ્ટ્રી** અને **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ ચેનલને વણખેડાયેલા બહુભાષી લોકો સુધી પહોંચવાના આશીર્વાદો માટે.

**૨૮ ફેબ્રુઆરી** : અમારા ૨૦૨૩ના કેલેન્ડર અને પ્રીમિસ કાર્ડ છપાવવા અને બહાર મોકલવાના કામમાં કૃપા આપવા માટે.

**૦૧ માર્ચ** : વધુ વ્યવસ્થિત રીતે અમારી ચર્ચ મિનિસ્ટ્રી કાર્ય કરે છે તે આશીર્વાદ માટે.

**૦૨ માર્ચ** : અમારા નિવાસી **નહેમ્યા બાઈબલ કોલેજ**ના વિદ્યાર્થીઓ માટે સંગીત વર્ગોની વ્યવસ્થા પૂરી પાડવા માટે.

**૦૩ માર્ચ** : અમારા નિવાસી **નહેમ્યા કોલેજ** અને **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલમાં**ના અમારા ખાસ નાતાલના કાર્યક્રમો પરના આશીર્વાદો માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ માર્ચ** : ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષ માટે અમારી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલજ**માં પ્રવેશ માટે લાયક વિદ્યાર્થીઓ પૂરા પાડવા માટે.

**૦૫ માર્ચ** : ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષમાં અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**માં નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે.

**૦૬ માર્ચ** : અમારા વડિલ પાળક એસ સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને સર્વ દુષ્ટ પરિબળોની સામે સલામતી માટે.

**૦૭ માર્ચ** : કોવિડના નવા પ્રકારો સામે દુનિયાના દેશોને દૈવી રક્ષણ આપવા માટે.

**૦૮ માર્ચ** : અમારા તકનીકી કાર્યકરો જેવા કે છાપખાનાને ચલાવનારાઓ, વાહન ચાલકો, અને કંપ્યુટર ઓપરેટરો માટે.

**૦૯ માર્ચ** : દેશોના બાળાકે અને જુવાનો ઈસુ ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારનાર તરીકે સ્વીકારે તે માટે.

**૧૦ માર્ચ** : ખ્રિસ્તી પ્રચારકો ભેળસેળ વિના સંપૂર્ણ રીતે સુવાર્તાનો પ્રચાર કરે તે માટે.

**૧૧ માર્ચ** : ઈશ્વરના સેવકો જેઓ જેલોમાં સેવા આપે છે.

**૧૨ માર્ચ** : ઓનલાઈન રમતોના વ્યસનોથી દુનિયાના બાળકો અને જુવાનોના રક્ષણ માટે.

**૧૩ માર્ચ** : અમારી **ઈકો ઓફ હીજ કોલની યૂટ્યૂબ ચેનલ** પર પાળક એસ સામ સેલ્વરાજના સંદેશાઓ વધુ ભાષાઓમાં પ્રસારિત કરી શકીએ તે માટે.

**૧૪ માર્ચ** : અમારા સાથી કર્મચારીઓ જેઓ શિક્ષણ અને અનુવાદની સેવાઓમાં સામેલ છે, તેઓને માટે.

**૧૫ માર્ચ** : અમારા સહસંપાદકો અને તેમના, કુટુંબના સભ્યો માટે.

**૧૬ માર્ચ** : અમારા વડીલ પાળકને તેમની આત્મકથા લખવામાં સફળતા આપવા માટે.

**૧૭ માર્ચ** : ઈસ્રાએલમાં શાંતિ માટે.

**૧૮ માર્ચ** : વૃધ્ધાશ્રોમાંના વૃધ્ધ લોકો માટે.

(પાન ૪ પરથી આગળ...)

છે. આ મર્મ મોટો છે, ઈશ્વરની મંડળીની વચ્ચે તથા ઈસુ ખ્રિસ્તની વચ્ચેને સંબંધીનો મર્મ. જો તમે મંડળીમાં હશો તો, જગતમાં કંઈ પણ તમારી ઉપર હાવી થઈ શકશે નહિ. તમે વિજયવંત થશો.

જેઓ ઈશ્વરની મંડળીનાં સભ્યો છે – જે સંતો તેમની મંડળીમાં ભાગ લે છે – જેઓએ ઈસુ ખ્રિસ્તને તેમના તારણહાર તરીકે સ્વીકાર્યા છે, તેઓ ઉચ્ચ કક્ષાના લોકો છે. આ પૃથ્વી પરની કોઈ શક્તિ તેમનો નાશ કરી શક્તી નથી. તમારા જીવનના સઘળા પરાભવો તમારા માટે વિજયવંત બની જશે. પૃથ્વી પર આકાશની સત્તાનો ઉપયોગ કરવા માટેનો આધાર આ મંડળી છે. ફક્ત આ મંડળીએ દ્વારા જ ઈશ્વર દેશોને આશીર્વાદિત કરે છે.

## ૩. જેઓ મંડળીમાં રોપાયેલા છે, તેઓ ખીલશે!

**“જેઓને યહોવાના મંદિરમાં રોપવામાં આવેલા છે, તેઓ આપણા દેવનાં આંગણામાં ખીલી રહેશે.”** (ગીતશાસ્ત્ર ૯૨:૧૩)

આપણે કૃત્રિમ છોડ ઉખેડી શકીએ છીએ અને પાછો રોપી શકીએ છીએ. તેમાં પાણીની જરૂર પડતી નથી. જેઓ યહોવા પ્રભુના મંદિરમાં રોપાયેલા છે, તેઓ કૃત્રિમ છોડની જેમ કામચલાઉ રીતે રોપાયેલા નથી. એક કુદરતી છોડ જમીનમાં રોપાય છે ને તેને પાણી પાવામાં આવે છે. જેઓનાં જીવનો ફળો આપનાર છોડ જેવા છે, તેઓ ઈશ્વરની મંડળીમાં ખીલશે. ફક્ત જે લોકોના જીવનો આ છોડ જેવા છે, તેઓ ખરેખર તેમના જીવનોમાં ખીલશે.

ઈશ્વરની મંડળીમાં રોપાયેલા, પાણી પાયેલા અને ખાતર અપાયેલાઓ ઈશ્વરની મંડળીમાં મૂળથી રોપાયેલા હશે અને મંડળીમાં ફળો આપશે.

જેઓ સર્વ મંડળીમાં પાળકને સહાયરૂપ બનવા ખરા સમપર્ણ સાથે સેવા આપે છે, તેઓ ખીલશે, આજે મોટા ભાગના લોકોમાં આવી ઈચ્છા હોતી નથી. કેટલાક લોકો જ્યારે તેઓનું મંડળીમાં બાપ્તિસ્મા થાય છે, ત્યારે એમ ધારી લે છે કે તેઓ બચાવ પામ્યા છે, તેઓ મંડળીને છોડી દે છે અને પોતાની સંસ્થા સ્થાપે છે અને જે ઈશ્વરને સ્વીકાર્ય નથી તે સર્વ પ્રવૃતિઓ કરે છે અને સર્વ પ્રકારની મુશ્કેલીઓમાં મૂકાય છે. અંતે તેઓ સર્વથી દૂર જવાની પરિસ્થિતિમાં આવી જાય છે. જ્યારે તમે વિશ્વાસપૂર્વક દર્શનને પૂરુ કરશો, તમને સોપાયેલા તમારા કામો અને જવાબદારીઓ પાર પાડશો, ત્યારે તમે ખીલશો. કોઈ લોકો કદાચ પૂછે, “જો હું દેવળમાં કે મંડળીમાં જઈશ, તો શું બધુ બરાબર થશે? હા, બધુ બરાબર થશે. જ્યારે આ સાધારણ લોકોને કહેવાય છે, ત્યારે તેઓ સમજી શકતા નથી. જ્યારે હું જુવાન છોકરો હતો, હું મારા જૂના પાળકના ચપ્પલો સાફ કરતો હતે અને તેમને મદદરૂપ થતો હતો. તે મારી સેવા હતી. આ નાની સેવાને કારણે, યહોવા પ્રભુ મને આ મોટી મિનિસ્ટ્રીજમાં લઈ આવ્યા છે. શું તમે મંડળીમાં રોપાયેલા છો કે ફક્ત ત્યાં મૂકાયેલા છો? આજે ઘણા બધા લોકો નિશ્ચિતપણે વિશ્વાસથી રોપાયેલા નથી; પણ ફક્ત મુલાકાતીઓ છે. જે છોડ સારી રીતે જમીનમાં જડેલો હશે, તે ફળો આપશે. ઘણા લોકોના જીવનો ફળ વગરના છે. આપણે કહીએ છીએ કે આપણે વિશ્વાસીઓ છીએ અને આપણે વિજયવંત નથી. જેટલા વધુ તમે ઈશ્વરની મંડળીમાં પ્રવૃત થશો, જેટલા વધુ મજબૂતીથી તમે રોપાયેલા હશો અને જેટલા વધુ તમે ઈશ્વરની મંડળીમાં ફળો આપશો, એટલા વધુ ઈશ્વર તમને ખીલનારા બનાવશે.

જેઓ તેમનું સેવાકાર્ય સ્વતંત્રરીતે કરે છે, તેમને જાણીતા મરહૂમ પાળક જી. સુંદરમ કહેતા કે, “તમે તમારા સેવાકાર્યો ક્યાં પણ અને તમને પસંદ પડે એ રીતે કરી શકો છો, પણ તમારે તમારા વસ્ત્ર સાથે દોરડું બાંધી રાખવું જોઈએ. તમારે તમારી મંડળીને મહત્વ આપવું જોઈએ. તમે ફક્ત તમારી મંડળીમાંથી જ સામર્થ્ય મેળવી શકશો. નહિતર, તમે તમારા આત્મિક જીવનમાં અનાથ રહેશો.” તેઓ આ શબ્દો પડકાર સાથે તેમને કહેતા હતા. આ કેટલું મોટું સત્ય છે!

(આગળ પાન ૮ પર...)


**નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ**

**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

**માધ્યમ : તામિલ**

ATA Regd. Candidate for Membership NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ★ ECHO OF HIS CALL ★ Estd.: 1969

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો
દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**
**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!**

મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. પાળકોના સલાહ પરામર્શ - રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૧૮. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. મધ્ય-અઠવાડિક બાઈબલ અભ્યાસ - બુધવારે સાંજે ૬.૩૦ વાગે
૨૦. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૨૧. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૨. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૩. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૪. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૫. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૬. રાત્રી પ્રાર્થના - બીજા શુક્વારે રાત્રે ૯.૩૦ વાગે
૨૭. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૮. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૯. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૩૦. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૧. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, “નવુ જીવન-તમારા માટે” એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

### મારી બહારી મિનિસ્ટ્રી !

ઈશ્વરે મને તેમની સુવાર્તા ખુલ્લા મેદાનોમાંની નાની સુવાર્તિક સભાઓમાં અને ઘરોમાં નાની સભાઓ દ્વારા ફેલાવવા માટે સારા મિત્રો આપ્યા હતા, ડો. રીચાર્ડ થંભીરાજ, વિલિયમ, સેલ્વરાજ, બીજીલી સામરાજ, પી. ચંદ્રશેખર, શ્રીમતી જે.વી. સેલ્વન, વગેર મને આ મિનિસ્ટ્રીમાં મદદ કરતા હતા.

જ્યારે હું અમારા વિસ્તાર પાસેના નાવાલાર નગર નામની જગામાં ખુલ્લી સભાઓ ભરાવતો હતો, ત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તના સામર્થ્યથી લોકો સ્પર્શ પામતા ગયા અને અશુદ્ધ આત્મા વળગેલા લોકો છૂટકારો પામતા ગયા હતા અને માંદા લોકો સાજા થતા હતા. આમ યહોવા પ્રભુના અભિષેકે કાર્ય કરવાનું શરૂ કર્યુ હતું.


તે વિસ્તારના લોકોમાં ગરીબ, ધનવાન, ભણેલા અને અભણ લોકોનો સમાવેશ થતો હતો, જેમણે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો હતો. ઘણા ચમત્કારો થયા હતા. હું મારુ સંગીત વાદ્ય એકોર્ડીયન વગાડતો હતો અને આમ ઈશ્વરે મને જીવતા પ્રભુ ઈસુ ખ્રિસ્તના સેવક તરીકે ઉઠાવ્યો હતો. લોકો મને આદર આપવા લાગ્યા હતા અને મારી પ્રાર્થના સભાઓમાં જોડાતા હતા, તેમના જીવનોમાં થતા ખરા ચમત્કારો અને પરિવર્તનોને કારણે મેં ક્યારેય કોઈ ખ્રિસ્તીઓનો સ્વીકાર કર્યો નથી જેઓ બીજી રોમન કેથલિક અને પ્રોટેસ્ટંટ મંડળીઓના સભ્યો હોય. ઈશ્વરે મને નવા વિશ્વાસીઓ પૂરા પાડ્યા હતા જેઓ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરે અને તેમની સેવા કરે અને તેમને અનુસરે. મેં મારા મિત્રોને સુવાર્તા ટ્રાકો અને પુસ્તિકાઓ વહેંચવાની તાલિમ આપી હતી જે ફેઈથ પ્રેયર ટ્રાક લીગના રેવ. સેમ્યુએલ ડેનિયેલે પૂરી પાડી હતી. મેં મારા મિત્રોને ગાવા, સાક્ષી આપવા, પ્રચાર કરવા અને નવા આત્માઓની મુલાકાત લેવાની તાલિમ આપી હતી. આમ, મેં વ્યસ્ત જીવનની શરૂઆત કરી હતી અને મારા આત્માની સમૃદ્ધિ માટે



*રેવ. સેમ્યુએલ ડેનિયેલ*

અને ઈશ્વરે દુનિયાના ઘણા દેશોના વણખેડાયેલા લોકો સુધી કોઈ પણ રીતે, કોઈપણ કીંમતે, દરેક રીતે પહોંચવા માટે જે બોજ આપ્યો હતો, તે માટે વધુ પ્રાર્થના કરતો હતો. "**નિર્બળોને લાવવા સારુ નિર્બળોની સાથે હું નિર્બળ જેવો થયો. હરકોઈ રીતે કેટલાએકને તારવા સારુ હું સર્વની સાથે સર્વના જેવો થયો.**" (૧ કરિંથીઓને પત્ર ૯:૨૨)

વર્ષ ૧૯૭૩ના એક દિવસે, જ્યારે હું માઉન્ટ રોડની ઈ.એલ.એસ. બુકશોપ પાસે મારા મિત્ર ભાઈ જે.આર. જયાબાલાન, જે. બુકશોપના મેનેજર હતા, તેમની મદદથી સુવાર્તા ટ્રાક વહેંચી રહ્યો હતો, જેનું શીર્ષક હતું, "જે શ્રેષ્ઠ, હું કરી શકું!", ત્યારે હું રેવ. ડો. ઓગસ્ટીન પીટર્સને મળ્યો, જેઓ ઈશ્વરના આગળ પડતા સેવકોમાંના એક હતા. તેમણે વ્યસ્ત રસ્તાની ભીડ વચ્ચે મારા માથા પર હાથ મૂકતા પ્રાર્થના કરી હતી અને ભવિષ્ય ભાખ્યું હતું અને કહ્યું હતું. "અહિં આ છોકરો છે – તેને સુવાર્તાની મોટી મિનિસ્ટ્રી માટે મેં નિયુક્ત કર્યો છે. મેં તેને તેડ્યો છે. હું તેને અસાધારણ ભેટો, સ્વાસ્થ્ય, સંપત્તિ અને દુનિયાભરના લોકો આપીશ. તે મારો વિશ્વાસુ સેવક થશે અને મારા વહાલો દીકરો થશે, જેના પર હું મારો આશીર્વાદ રેડી દઈશ."



*રેવ. ઓગસ્ટીન પીટર્સ અને પાળક એસ સામ સેલ્વા રાજ*

થોડા દિવસો પછી, તેમણે મારા મિત્ર ભાઈ સી.એન. રાજન, જેઓ ફોટોગ્રાફર હતા, તેમની મારફત બોલાવ્યો અને સુવાર્તાના સેવક તરીકે અભિષિક્ત કર્યો. તે નોંધવું યોગ્ય છે કે મારા જીવનમાં તેજ સામર્થ્ય, દ્રષ્ટિકોણ અને સ્થિરતા હજુ પણ પ્રવર્તમાન છે. તેમના દ્વારા જે સર્વ શબ્દો બોલાયલા હતા, તે સર્વ પરિપૂણ થયા છે. હું તે માટે ઈશ્વરનો આભાર માનું છું! ***

---

(પાન ૬ પરથી આગળ...)

જે લેખક આ સંદેશો તમારા માટે લખી રહ્યા છે, તેઓ પણ એક આગેવાનના હાથ નીચે કાર્ય કરી રહ્યા છે અને હું આશીર્વાદિત થયો છું. ઈશ્વરે મને ઘણા સહાયક પાળકો સાથે પણ આશીર્વાદિત કર્યો છે. હું મારા વરિષ્ઠોને પણ આજ્ઞાકારી રહ્યો છું હું ખુશ છું. તમારી સ્થિતિ કેવી છે?

### ૪ ઈશ્વરનો આનંદદાયક દિવસ !

"જો તું સાબ્બાથને દિવસે, મારા પવિત્ર દિવસે, પોતાનું કામકાજ કરવું બંધ રાખીશ, અને સાબ્બાથને આનંદદાયક, યહોવાના પવિત્ર દિવસને માનનીય ગણીશ, અને પોતાના માર્ગોમાં નહિ ચાલતાં તથા પોતાનો ધંધોરોજગાર નહિ કરતાં, તથા કૂથલી નહિ કરતાં, તેને માન આપીશ; તો તું યહોવામાં આનંદ પામીશ; અને હું પૃથ્વીના

ઉચ્ચસ્થાનો પર તને સવારી કરાવીશ; અને તારા પિતા યાકૂબના વારસાથી હું તારું પોષણ કરીશ; કેમ કે યહોવાનું મોં એવું બોલ્યું છે.'' (યશાયા ૫૮:૧૩,૧૪).

આપણ સઘળાને ઉંચાં સ્થાનો જોઈએ છે. આપણે આપણી સ્થિતિઓમાં સુધારણા ઈચ્છીએ છીએ. આ આપણે કેવી રીતે મેળવી શકીએ? પ્રભુના દિવસે, એટલે કે સાબ્બાથના દિવસે, રવિવારના દિવસે આપણે અધાર્મિક સલાહઓથી દૂર ચાલ્યા જવું જોઈએ અને જે પ્રભુને આનંદ થાય એવી બાબતો કરવી જોઈએ. તમારી જાતને આનંદ મળે એવી બાબતો નહિ કરો અને તમારી રીતે બોલો નહિ. કેમ કે તે દિવસ પ્રભુનો દિવસ છે, આનંદનો દિવસ. આ દિવસ સારો દિવસ છે. આનંદનો દિવસ, ઉજવણીનો દિવસ, યહોવા પ્રભુનો દિવસ છે, અને આદરના દિવસ તરીકે તેનો વિચાર કરો. આ દિવસે દૂરદર્શનના કોઈ કાર્યક્રમો જુઓ નહિ – પણ મંડળીની ભજનસેવાઓને મહત્વ આપો અને વિચાર કરો કે તમારી ભજનસેવાઓમાં હાજરી આપવાની તમારી ફરજ છે, ત્યારે તમે પ્રભુમાં તમારી જાતમાં આનંદ કરશો. આનો અર્થ એ નથી કે તમે બીજા દિવસોએ તમે જેમ ઈચ્છો તે પ્રમાણે જીવી શકતા નથી.

રવિવારે, સવારની ભજનસેવા પછી, જો તમે તમારી દુન્યવી બાબતો અને કામો માટે સમય વિશે યોજના કરતા હો, તો તમારા જીવનમાં તમને ખરો આનંદ મળશે નહિ. તમારા જીવનોમાં કોઈપણ વધારો થશે નહિ. તમારેઆ દિવસ પ્રભુને સમર્પિત કરવો જ જોઈએ. જો તમે તે દિવસ તમારા મિત્રોને જોવા કે તમારા કાર્યોમાં હાજરી આપવા દુનિયાને આપશો, તો તમે તમારા જીવનમાં વિકાસ કરી શકશો નહિ.

જ્યારે તમે પ્રભુના દિવસનો આનંદના દિવસ તરીકે વિચાર કરશો અને તેને પ્રભુને માટે અલગ રાખશો, તો તે તમારા માટે સુખદાયક થશે. પ્રભુ તમને પૃથ્વી પર ઉંચા સ્થાને બેસાડવા યોગ્ય બનાવશે. તમારા જીવનમાં, જો કોઈ ત્યા આર્થિક કે સ્વાસ્થ્ય સંબંધીત નબળાઈ હોય અથવા તમારા આત્મિક જીવનમાં હતાશા હોય અથવા તમને લાગે કે બીજાઓ પાસે છે, તે મારી પાસે નથી અને તમે પ્રભૂને પૂછો કે ''પ્રભુ કેમ?'' તેનો જવાબ છે. પવિત્ર આત્મા આ સંદેશા મારફત તમારી સાથે સ્પષ્ટરીતે બોલી રહ્યા છે. જો તમે તેમના દિવસને આનંદના દિવસ તરીકે લો છો, ત્યારે તમે ખુશ રહેશો અને પ્રભુ તમને ઉચ્ચસ્થાને બેસાડશે.

## ૫. નાણાકીય આશીર્વાદો!

**''દશાંશો ભર્યાપૂરા ભંડારમાં લાવો, જેથી મારા મંદિરમાં અન્નની છત રહે, અને એમ કરીને મારું પારખું તો લઈ જુઓ કે, હું તમારે સારુ આકાશની બારીઓ ખોલી નાખીને સમાવેશ કરવાને પૂરતી જગા નહિ હોય, એટલો બધો આશીર્વાદ તમારા પર મોકલી દઉં છું કે નહિ!'' એવું સૈન્યોનો દેવ યહોવા કહે છે.** (માલાખી ૩:૧૦).

''શું જો હુ મારી આવકનો હિસ્સો આપું છું, તો ત્યાં મારી આગળ આવનારા સમયો સારા હશે?'' કેટલાકને આ સવાલ હોય છે. તમારી આવકના દશાંશ ઈશ્વરને માટે છે. તમે ઈશ્વર પાસેથી ઉધાર લીધેલા નાણામાંથી દશાંશ આપવો જોઈએ નહિ. જે દશાંશ તમે કમાઓ છો, તે ઈશ્વર માટે છે. ઈશ્વરને માટેનો આ દશાંશ તમે ક્યાં આપવો જોઈએ? તમારી મંડળીના ભંડારમાં તમારો આ દશાંશ લાવો. તમારી દશાંશ સુવાર્તાના કાર્ય માટે કે મિશનરી કામના સામયિક, મિનિસ્ટ્રી માટે ન હોવો જોઈએ. તે કોઈ સુવાર્તિક કોઈ વિસ્તારમાં સભા ભરાવવા કે સમ્મેલન ભરાવવા કરેલા કામ માટે ન હોવો જોઈએ. તે ફક્ત ને ફક્ત તમારી મંડળી માટે જ હોવો જોઈએ, જ્યાંના તમે સભ્યો છો. મંડળી તેનો ઉપયોગ તેમના સુર્વાતિક કામ માટે કરી શકે છે કે તેને ગરીબો માટે કે જરૂરીયાતમંદો માટે બીજા વિસ્તારો માટેની ઈશ્વરના સેવાકાર્ય માટે ખર્ચ કરી શકે છે.

તે તમારે માટે ઘણું મહત્વનું છે કે તમે એવી મંડળીને શોધો અને તેના સભ્યો બનો કે જે ઈશ્વરના નાણા ફક્ત ઈશ્વરને માટે જ વાપરે છે. પવિત્રશાસ્ત્ર તમને તમારી આવકનો દશાંશ તમારી મંડળીના ભંડારોમાં લાવવા માટે કહે છે. વિશ્વાસીઓ માટે આ નાણા વાપરવાનો અધિકાર નથી. વિશ્વાસીઓને ત્યાં કોઈ અધિકાર નથી આ દશાંશને સ્પર્શ કરવાનો અને લોકોને અહિંતહિં આપવાનો.

મંડળીનાં ભંડારોમાં તમારા દશાંશો લાવો. પ્રભુ કહે છે કે જો તમે તેમનું પારખું કરશો, તો જો તેઓ આકાશની બારી ખોલી નાખે એવા આશીર્વાદો તમારા માટે રેડી દેશે, તો તે માટે આપણે ઈશ્વરના વચનોમાંની કલમોમાંથી એક પણ વચન બદલવું ન જોઈએ. હું એવી વ્યક્તિ છું જે મારી આવકનો દશાંશ આપીને આશીર્વાદિત થયો છું. ક્યારેક, આપણને જો નાની આવક મળે તો, આપણે દશાંશ આપશું, પણ જ્યારે તમારી આવક વધશે, ત્યારે ત્યાં દશાંશ આપવામાં મુશ્કેલી આવશે. જ્યારે તમારી આવક ૧૦૦ રૂપિયા હોય, તો તમે ૧૦ રૂપિયા દશાંશ તરીકે આપી શકો છો, જ્યારે ૧,૦૦૦ રૂપિયા હોય, ત્યારે ૧૦૦ રૂપિયા આપવા શક્ય થાય છે, પણ જો, તમારી આવક ૧૦,૦૦૦ રૂપિયા હોય, ત્યારે ૧,૦૦૦ રૂપિયા દશાંશ તરીકે આપવા સરળ હોતા નથી. જ્યારે પ્રભુ તમને વધુને વધુ આશીર્વાદ આપતા જાય છે અને

## SPECIAL ANNOUNCEMENT

### We Need Honorary Representatives!

Of late, we find that the number of readers of **Echo of His Call** magazine printed in Sinhala, Nepali, Urdu and Afrikaans languages has considerably reduced. This may be due to the loss of our old friends and the probable relocation of their domicile. We have been thinking of ways and means to strengthen the number of readers.

As a measure of effort, we solicit Honorary Representatives from our readers of Nepali, Urdu, Sinhala and Afrikaans to

(i) Enroll more and more readers for the magazines in their respective languages.

(ii) To come forward to print more copies and dispatch to the readers in their respective countries / areas and

(iii) Help us by raising some Honorary Representatives to provide new addresses and to promote the distribution by taking photo copies and sending them to family and friends.

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

તમે દશાંશ આપવામાં વિશ્વાસુ રહો છો, ત્યારે પ્રભુ યહોવા તમને ભરપૂરીપણાથી આશીર્વાદિત કરશે. જ્યારે તમે દશાંશ તમારી મંડળીને આપો છો, ત્યારે યહોવા પ્રભુ તમારા માટે બારીઓ ખોલી દેશે અને તમારા પર તેમના આશીર્વાદો વરસાવશે. આ એક મોટો મર્મ છે. ઘણા આનાથી અજાણ છે. તમે આ કરો અને જુઓ કે શું થાય છે. વિજય તમારો જ છે!

*********

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th FEBRUARY 2023**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

## *JESUS LOVES YOU!*

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**